**પરિપત્ર**

**(અગત્યનું)**

નં.અજાક/શાળા-જાતિ.પ્ર./2024/2454.
અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
સી-6, બહુમાળી ભવન, નાનપુરા,
સુરત
તા.10/09/2024

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ,
શહેરી વિસ્તાર, સુરત

**વિષય:-અનુસૂચિત જાતિ(SC)ના ધો-8 થી 12ના વિદ્યાર્થીઓની જાતિ પ્રમાણપત્રની દરખાસ્ત મોકલી આપવા બાબત (માત્ર શહેરી વિસ્તારની શાળાઓ માટે)**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સરકારશ્રીના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:-અજપ/102010/363446/હ, તા.02/08/2010 તેમજ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગરના તા.27/05/2024 ના પરિપત્ર નં.અજાક/મ-7/જાપ્રપ-10/2024/1703 થી 1771 તા.27/05/2024 થી અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ધોરણ-૮ નો અભ્યાસક્રમ પુરો થાય તે પહેલાં અનુસૂચિત જાતિના તમામ વિદ્યાર્થીઓને શાળા મારફત પ્રમાણપત્ર આપવાની જોગવાઇ કરેલ છે. જે અન્વયે શૈક્ષણિક વર્ષ-2024-25 દરમ્યાન ધો-8 થી 12 માં અભ્યાસ કરતાં તમામ અનુસૂચિત જાતિ (S.C.)ના વિદ્યાર્થીઓની અરજીઓ જરૂરી આધાર-પુરાવાઓ સાથે અત્રેની કચેરીએ **તા.15/10/2024** સુધીમાં મળી જાય તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

શાળાઓએ જાતિ દાખલાની દરખાસ્ત/ફાઇલ તૈયાર કરતી વખતે નીચે મુજબની કાર્યપધ્ધતિ/સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

1. **જાતિ દાખલાના અરજી ફોર્મ:-**
   અત્રેની કચેરીએ શાળાના પ્રતિનિધી મારફત માંગણીપત્ર રજૂ કર્યેથી અરજી ફોર્મ આપવામાં આવશે તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રી તેમજ શાસનાધિકારીશ્રીની વેબસાઇટ પરથી આ પરિપત્ર સાથે બિડાણમાં ફોર્મ સામેલ રાખેલ છે જે ડાઉનલોડ કરી શકાશે.
2. **અરજી ફોર્મ સાથે રજૂ કરવાના પુરાવાઓ:-**
   - **બોનોફાઇડ સર્ટીફિકેટ:-** નામ, જન્મસ્થળ, જન્મ તારીખ, પેટાજાતિ, જી.આર.નંબર વગેરે પૂરેપુરી વિગતો બોનોફાઇડ સર્ટીફીકેટમાં દર્શાવવી
   - **પિતાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર :-**
     - પિતા અભણ હોવાના કિસ્સામાં કાકા/ફોઇ/દાદાના શાળા છોડયાના પ્રમાણપત્રો તથા તલાટીશ્રીનું પેઢીનામું (દાદા કે પરદાદાના નામથી લઈ અરજદારના નામ સુધી) સામેલ રાખવું ફરજિયાત છે.
   - **ઓળખનો પુરાવો :-** આધારકાર્ડ/ચૂંટણીકાર્ડ/પાનકાર્ડ
   - **રહેઠાણનો પુરાવો :-**રેશનકાર્ડ/લાઇટબીલ/વેરાબીલ પૈકી કોઇપણ બે પુરાવા સુરત સીટીના રજૂ કરવાના રહેશે.
   - **અન્ય પુરાવાઓ:-** અન્ય રાજ્યમાંથી ગુજરાત રાજ્યમાં સ્થળાંતરના કિસ્સામાં તા.૦૧/૦૫/૧૯૬૦ કે તા.૧૦/૦૮/૧૯૫૦ પહેલાંથી ગુજરાતમાં કાયમી વસવાટના પુરાવા રજુ કરવાના રહેશે.

- શંકાસ્પદ કિસ્સાઓમાં સક્ષમ અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવે તે મુજબના પુરાવાઓ રજુ કરવાના રહેશે.

**3. દરખાસ્ત/ફાઇલ તૈયાર કરવાની પધ્ધતિ:-**

- દરખાસ્ત ફાઇલમાં નીચે મુજબના ક્રમમાં ડૉક્યુમેન્ટ ફાઇલીંગ કરવા
  1) શાળાનો ફોર્વર્ડિંગ લેટર
  2) પત્રક-1 (આ સાથે સામેલ છે)
  3) વિધાર્થીઓના અરજીફોર્મ
  4) **60 kb થી ઓછી સાઇઝના jpg/jpeg નમૂનામાં પાસપોર્ટ સાઇઝના ફોટા અલગથી પેનડ્રાઇવમાં** અત્રેની કચેરીએ રૂબરૂ જમા કરાવવા રહેશે.
- અરજી ફોર્મના પાનાં નં.3 પર રજૂ કરવાના આધાર-પુરાવાની વિગતો દર્શાવેલ છે તેમજ ઉક્ત ક્રમ નં.2 "અરજી ફોર્મ સાથે રજૂ કરવાના પુરાવાઓ" શીર્ષક હેઠળ પુરાવાઓની વિસ્તૃત સમજ આપવામાં આવેલ છે જે મુજબ પુરાવાઓ સામેલ રાખવા
- વિધાર્થીઓ તરફથી મળેલ અધૂરું ફોર્મ અત્રેની કચેરીએ મોકલવું નહીં.
- અરજીફોર્મ તમામ સાધનિક કાગળો સહિત પરિપૂર્ણ થયા બાદ ફોર્વર્ડિંગ લેટર સાથે શાળા મારફત મોકલી આપવાનું રહેશે. વિધાર્થી કે વાલીઓ મારફત કોઇપણ દરખાસ્ત અત્રે મોકલવી નહીં.
- અગાઉ કેટલીક શાળાઓ મારફત આપવામાં બોનોફાઇડ સર્ટીફિકેટ ખૂબ જ નાની સાઇઝ (A/4 સાઇઝના એક પેપરમાં ચાર બોનોફાઇડ) ના હતા, કેટલીક શાળાઓના બોનોફાઇડ જાહેર ખબર (લીફ લેટ) માટે વપરાતાં અત્યંત પાતળા ખરાબ ક્વોલિટીના પેપરમાં હતા આવા અત્યંત નાના અને ખરાબ ક્વોલિટીના બોનોફાઇડ સ્વીકારવામાં આવશે નહીં.
- અરજી સાથે રજૂ કરેલ તમામ ડૉક્યુમેન્ટ પ્રમાણિત કરેલ હોવા જોઇશે તેમજ અરજી ફોર્મના **છેલ્લા પાને આચાર્યશ્રીના સહી સિક્કા કરાવવાના રહેશે**.
- અરજી ફોર્મ સાથે માત્ર શાળાનું બોનોફાઇડ સર્ટીફિકેટ અસલ સામેલ રાખવું અન્ય કોઇપણ વિધાર્થી કે વાલીનું અસલ ડૉક્યુમેન્ટ અત્રેની કચેરી મોકલવું નહીં સિવાય કે અત્રેની કચેરી દ્વારા કે અધિકારીશ્રી દ્વારા અસલ ડૉક્યુમેન્ટ ખરાઈ સારૂ રજૂ કરવા જણાવવામાં આવે.
- આ પત્ર સાથે અનુસૂચિત જાતિમાં સમાવિષ્ટ જાતિઓની યાદી સામેલ છે જે મુજબ વિધાર્થી તથા તેના પિતા, કાકા, ફોઇ, દાદાની પેટાજાતિ એક જ સમૂહમાં આવતી હોવી જરૂરી છે. જો તે અલગ-અલગ (દા.ત.મેઘવાળ-રોહિત) હોય તેવા કિસ્સાઓમાં પિતા ઉપરાંત કાકા/ફોઇ/દાદા પૈકી ઓછામાં ઓછા બે વ્યક્તિઓના શાળા છોડયાના પ્રમાણપત્રો રજૂ કરવા તથા વિધાર્થી (અરજદાર) અને કાકા/ફોઇ/દાદા વચ્ચેના સંબંધ સ્થાપિત કરવા સક્ષમ અધિકારીશ્રીનું તલાટીનું પેઢીનામું રજૂ કરવું.

**4. નીલ રીપોર્ટ:-**

- જે શાળામાં ધો-8 થી 12 ના જાતિ પ્રમાણપત્ર મેળવવાપાત્ર એકપણ રેગ્યુલર કે એકટર્નલ અનુસૂચિત જાતિના વિધાર્થીઓ ન હોય તેવી શાળાઓએ "NIL" રિપોર્ટ અત્રેની કચેરીએ રજૂ કરવાનો રહેશે.

**5. અરજી ફોર્મની ગોઠવણી:-**

- અરજી ફોર્મમાં નીચે મુજબના ક્રમમાં ડૉક્યુમેન્ટની ગોઠવણી કરવાની રહેશે.
  1) અરજીફોર્મ (અત્રેની કચેરીથી આપવામાં આવેલ)
  2) શાળાનું બોનોફાઇડ સર્ટીફિકેટ (અસલમાં)
  3) પિતાનું એલ.સી.ની પ્રમાણીત નકલ
  4) કાકા/ફોઇ/દાદાના એલ.સી.ની પ્રમાણીત નકલ (જો હોય તો)

5) પિતા/કાકા/ફોઇ/દાદા/ભાઇ/બહેનના જાતિ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ (જો હોય તો)

6) રહેઠાણનો પુરાવો (રેશનકાર્ડ/લાઇટબીલ/વેરાબીલ)

7) વિધાર્થી અને પિતાનો ઓળખનો પુરાવો (આધારકાર્ડ/ઇલેક્શનકાર્ડ/પાનકાર્ડ)

8) ગેઝેટ, સોગંદનામું કે પેઢીનામું (જો લાગુ પડતું હોય તો)

9) અન્ય પુરાવા

અત્રેથી આપના મારફત આપવામાં આવતા પ્રમાણપત્રો બોનોફાઇડ આધારે આપવામાં આવે છે જેથી વિધાર્થીઓના શાળા છોડયાના પ્રમાણપત્રોની પાછળ નોંધ કરી આચાર્યશ્રીએ સહી/સિક્કો કરવાનો રહેશે તથા ધો-10 અને 12 ના પરિણામ બાદ તમામ વિધાર્થીઓના શાળા છોડયાના પ્રમાણપત્રોની આગળ તથા પાછળની પ્રમાણિત ઝેરોક્ષ નકલો યાદી સાથે લેખિત પત્ર સાથે બિનચૂક મોકલી આપવાની રહેશે.

શાળા મારફત જાતિ દાખલાનું સદરહુ અભિયાન સરકારશ્રીની ઉક્ત દર્શાવેલ સૂચના મુજબ છે અને કલેક્ટરશ્રી દ્વારા આ બાબતે નિયમિત રિવ્યુ લેવામાં આવતો હોય જાતિ દાખલાની દરખાસ્ત કરતા સમયે ઉપરોક્ત તમામ સૂચનાઓનો ચુસ્ત પણે પાલન કરવું તથા દરખાસ્ત બાબતે કોઈપણ પ્રશ્ન હોય તો અત્રેની કચેરીનો સંપર્ક સાંધવો.

જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
સુરત

નાયબ નિયામકશ્રી
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

નકલ સવિનય રવાના:-

1) માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ

2) મે. કલેક્ટરશ્રી, સુરત તરફ જાણ સારૂ

3) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતી, સુરત તરફ તમામ તાબા હેઠળની શાળાઓને જાણ કરવા સારૂ તથા વેબસાઇટ પર પરિપત્ર મુકવા સારૂ

## વર્ષ:-૨૦૨૪-૨૫ દરમ્યાન ધોરણ ૮ થી ૧૨માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ (S.C.) ના વિદ્યાર્થીઓના જાતિ દાખલા માટેનું દરખાસ્ત પત્રક

| | | | |
|---|---|---|---|
| શાળાનું નામ | | શાળાનું સરનામું | |
| આચાર્યશ્રીનું નામ | | શાળાનો સંપર્ક નંબર | |
| આચાર્યશ્રીનો મોબાઇલ નંબર | | સંબંધિત કર્મચારીશ્રીનો ફોન નંબર | |

| અ.નં. | વિદ્યાર્થીનું નામ | સરનામું | પિતા/વાલિનો મોબાઇલ નંબર | ધોરણ | જનરલ રજીસ્ટર નંબર | જનરલ રજીસ્ટરમાં દર્શાવેલ પેટાજાતિ | વડવઓનું મૂળ વતન | ધર્મ | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | | | |
| ૨ | | | | | | | | | |
| ૩ | | | | | | | | | |

**પ્રમાણપત્ર**

આથી પ્રમાણીત કરવામાં આવે છે કે, ઉપર મુજબની વિગતો શાળાના રેકર્ડ પરથી ખાત્રી કરીને તૈયાર કરવામાં આવેલ છે. જે સાચી અને બરાબર છે.પત્રક-૧ સિવાય અમારી શાળામાં વર્ષ-૨૦૨૪-૨૫ માં ધોરણ-૮ થી ૧૨ માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિના કોઇ વિદ્યાર્થી નથી.

તા.:- / /૨૦૨૪

તૈયાર કરનાર કર્મચારીનું નામ/હોદ્દો તથા સહી

આચાર્યશ્રીનું નામ/સહી/સિક્કા

(મ. જે. છા. વ.-૧૪૨/૧)-૭-૨૦૨૩-૨૦૦૦-લોઝર સુરત-૩૧-૩૪

વિના મૂલ્યે

ઈનવર્ડ નં. :

તા.

તાજેતરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો

# અનુસૂચિત જાતિનું પ્રમાણપત્ર મેળવવા માટેની અરજી

**અરજદારનું નામ :**

**તેના પિતા/વાલી/પતિનું નામ :**

**પત્ર વ્યવહારનું પૂરૂં સરનામું :**

**મો.નં.:**

**તારીખ :**

**પ્રતિ,**

**વિષય : જાતિ પ્રમાણપત્ર મેળવવા બાબત.**

**માનનીય સાહેબશ્રી,**

સવિનય સાથે જણાવવાનું કે, મારે ધી કોન્ટીટયુશન (શિડયુલ કાસ્ટ) ઓર્ડર ૧૯૫૦ માં ગુજરાત રાજ્યના પરિશિષ્ટમાં દર્શાવેલ જાતિઓ પૈકી........................જાતિ માટેનું "જાતિ પ્રમાણપત્ર" રાજ્ય સરકારશ્રીના આ જાતિઓ માટેની અનામત જગ્યામાં, સરકારી યોજનાના લાભો/રાજ્ય સરકારની નોકરીમાં નિમણૂંક/ઉચ્ચ શિક્ષણ/વ્યવસાયલક્ષી અભ્યાસક્રમમાં સરકારી ફી-સ્વનિર્ભર ફીવાળી જગ્યાઓમાં પ્રવેશ વગેરેના લાભ લેવાના હેતુ માટે જરૂર હોઈ, મારી અરજીમાં જણાવેલ હકીકત તથા સાથે રજૂ કરેલ દાર્શનિક આધાર પુરાવા, જાતિ પ્રસ્થાપિત કરતા સાચા સહજ આધારો વગેરે રાજ્ય સરકારશ્રીના વખતો વખતના ઠરાવો, પરિપત્રો તથા પ્રવર્તમાન નીતિને આધિન રહી, ઉંડાણપૂર્વકની પુરતી ચકાસણી કરી, મારી જાતિ/પેટા જાતિ.........................પ્રસ્થાપિત થતી હોય તો, મને જાતિ પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

**મારી હકીકત નીચે મુજબ છે.**

૧. અરજદારનું પૂરૂં નામ અને સરનામું :

૨. અરજદારના પિતા/વાલી/પતિનું પૂરૂં નામ :

૩. અરજદારના માતાનું નામ :

૪. કાયમી વતનનું સરનામું :

૫. અરજદારના પિતા/વાલી/પતિનો વ્યવસાય :

અરજદારના માતાનો વ્યવસાય :

૬. પિતાનું મૂળ વતન : ગામ :....................તાલુકો :.................. જિલ્લો ..:............. રાજ્ય :.........................

૭. અરજદારની જાતિ/પેટા જાતિ :

૮. અરજદાર પાળતા હોય તે ધર્મ :

૯. મૂળ વતનનું રાજ્ય :

૧૦. ગુજરાતમાં વસવાટની વિગતો :
(ક્યારથી વસવાટ કરો છો તેની વિગતે)

૧૧. આ પ્રમાણપત્ર મેળવવાનો હેતુ :

(૧) ધો. ૧૦ પછી ધો. ૧૧ માં અનુસૂચિત જાતિ તરીકેની અનામત જગ્યાઓમાં પ્રવેશ મેળવવા.

(૨) ધો. ૧૨ પછીના ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસક્રમમાં અનુ. જાતિઓ માટે અનામત જગ્યાઓમાં પ્રવેશ મેળવવા.

(૩) રાજ્ય સરકારશ્રીની / સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં અનુ. જાતિ માટેની અનામત સીટ પર સરકારી નોકરી મેળવવા.

(૪) લોકસભા/વિધાનસભા/સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની વૈધાનિક ચૂંટણીઓમાં અનુ. જાતિ માટેની અનામત સીટ ઉપર ઉમેદવારી ભરવા માટે.

(૫) અન્ય........................................................................................................

૧૨. આ અગાઉ કોઈપણ સક્ષમ અધિકારી પાસે જાતિ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી હતી ? જો હા, તો તેમણે પ્રમાણપત્ર આપેલ છે ? જો ના આપેલ હોય તો તેના પ્રત્યુત્તરની નકલ અને વિગત.

૧૩. ધો. ૧૦ કે ધો. ૧૨ ની પરીક્ષા પછી પ્રમાણપત્ર મેળવેલ હતું ? તો તેની વિગત.

૧૪. ધો. ૧ માં દાખલ થયેલા હતા, તે પ્રાથમિક શાળાનું નામ :...................................................................................................................................................... અને તે શાળા છોડયાનું પ્રમાણપત્રમાં જણાવેલ જાતિ/પેટા જાતિ........................ ધો. ૮ માં પ્રવેશ લીધેલ હાઈસ્કૂલનું નામ.......................................................................અને તેના જનરલ રજીસ્ટરમાં જાતિ/પેટા જાતિ...................................... છે. ધો. ૧૧ માં પ્રવેશ લીધેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાનું નામ.......................................................................... અને તેના શાળા રજીસ્ટર/વયપત્રક રજીસ્ટરમાં જાતિની નોંધમાં.............................બતાવેલ છે.

૧૫ અરજદારના પિતા/માતા/પતિની જાતિ / પેટા જાતિ અંગેની માહિતી.

૧. પિતાનું નામ :

ઉંમર :

અભ્યાસ :

છેલ્લી પ્રાથમિક શાળા/માધ્યમિક શાળાનું નામ સરનામું :

શાળા છોડયાના પ્રમાણપત્રમાં લખાયેલ જાતિ/પેટા જાતિ :

૨. માતાનું નામ :

ઉંમર :

અભ્યાસ :

છેલ્લી પ્રાથમિક શાળા/માધ્યમિક શાળાનું નામ સરનામું :

શાળા છોડયાના પ્રમાણપત્રમાં લખાયેલ જાતિ/પેટા જાતિ :

૧૬. અરજદારના કુટુંબના નીચેના સભ્યોને આ જાતિના પ્રમાણપત્ર મળેલા છે.

| ક્રમ | નામ | સબંધ | પ્રમાણપત્ર આપનાર કચેરી તથા પ્રમાણપત્રના નંબર/તારીખ | પ્રમાણપત્ર આપનાર અધિકારીનું નામ અને હોદ્દો |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧. | | | | |
| ૨. | | | | |
| ૩. | | | | |
| ૪. | | | | |
| ૫. | | | | |

૧૭. જાતિ પ્રસ્થાપિત કરવાના સમર્થન માટે રજૂ કરેલ સાચા સહજ આધાર પુરાવા, દસ્તાવેજ વગેરેની પ્રમાણિત નકલોની વિગત.

૧. અરજદારનું છેલ્લી શાળાનું શાળા છોડયાનું પ્રમાણપત્ર.

૨. પિતાનું છેલ્લી શાળા છોડયાનું પ્રમાણપત્ર.

૩. સરનામા/રહેઠાણના આધાર માટે રેશનકાર્ડ/વિજળી બીલ /ઘરવેરો/ટેલીફોન બીલ પૈકીની નકલ.

૪. અન્ય આધારો.

૧.

૨.

૧૮. અરજદાર કે તેના કુટુંબનું જાતિ પ્રમાણપત્ર ક્યારેય રદ થયું હોય તો તેની વિગતો.

૧૯. અરજદાર કે તેના પિતાના શાળાના રેકર્ડમાં સુધારો કર્યો હોય તો તેની વિગતો.

# બાંહેધરી

આથી હું શ્રી........................................................................... અરજદાર, અને
મારા પિતા/પતિ/માતાશ્રી........................................................................... બાંહેધરી
આપીએ છીએ, અમોએ અનુ. જાતિઓ માટેની અનામત નીતિ મુજબ સરકારી નોકરી/ઉચ્ચ શૈક્ષણિક પ્રવેશની અનામત/નાણાકીય લાભો લેવા માટે, આ પ્રમાણપત્ર મેળવવા અરજી કરી છે, આ અરજીમાં જણાવેલ હકીકત તથા જાતિના, રહેઠાણના સમર્થનમાં રજૂ કરેલા દાર્શનિક પુરાવા તેના મૂળ રેકર્ડમાં સાચા ન જણાય કે, અમે જણાવેલ હકીકતને પણ ઉંડાણથી થતી તપાસમાં સમર્થન ન મળે અને અમે માત્ર અનામતનો લાભ લેવા માટે બદઈરાદાથી આ હકીકત કે આધાર ઉભા કર્યાનું પ્રસ્થાપિત થાય તો રાજ્ય સરકારશ્રી આ પ્રમાણપત્ર રદ્દ કરી મેં મેળવેલ લાભો પરત કરવા ઉપરાંત ફોજદારી ધારા હેઠળ અમારી સામે કાર્યવાહી હાથ ધરી શકશે. સાથો સાથ પ્રમાણપત્ર મેળવ્યા, પછી પણ ઉંડાણથી તપાસથી કે અન્ય જાણકારીથી અમારી હકીકત તથા આધાર પુરાવા બોગસ, ખોટા કે અનામતનો લાભ લેવા માટે ઉભા કર્યા હોવાનું ફેરફાર કરાવ્યા હોવાનું પુરવાર થાય તો, પ્રમાણપત્રના આધારે મેળવેલ લાભો, રાજ્ય સરકારશ્રી પરત લઈ લે, અને જે શિક્ષાત્મક પગલા લેશે, તે ભોગવવા અમો આ બાંહેધરી આપીએ છીએ, અને તમામ સૂચનાઓ વાંચી આ પ્રમાણપત્ર મેળવવા સમજી વિચારીને અરજી કરીએ છીએ.

તા. ...........................  અરજદારની પુરી સહી.................................

(પૂરૂં નામ :..........................................)

પિતા/માતા/વાલીની પુરી સહી..............................

(જ્યાં લાગુ ન પડે તે ચેકી નાખવું)

---

## (કાર્યાલયના ઉપયોગ માટે)

૧. પ્રમાણપત્રમાં અરજદારનું પૂરૂં નામ :

૨. જાતિ/પેટા જાતિ :

૩. પ્રમાણપત્ર આપવામાં આવ્યું હોય તો નંબર/તારીખ :

૪. પ્રમાણપત્ર આપવામાં આવ્યું ન હોય તો : કારણ ટૂંકમાં તથા જવાબના નંબર/ તારીખ

૫. અન્ય

કામ કરતા કર્મચારીનું નામ, સહી અને હોદ્દો

તારીખ :.......................

સંક્ષમ અધિકારીશ્રીનું નામ, સહી અને હોદ્દો